# મોડાસાના બોડી ગામના ૫૦૦ પરિવારમાંથી ૧૫૦થી વધુ યુવાનો દેશ સેવામાં કાર્યરત

## ૫૦ યુવાનો સૈનિક, ૩૦ સીઆઈપીએફ, ૧૦૦ પોલીસ

મોડાસા, તા. ૨૭

મોડાસા તાલુકાના અંતરિયાળ એવા બોડી ગામમાં આશરે ૫૦૦ જેટલા લોકો વસવાટ કરી રહ્યા છે જેમાંથી ૧૫૦ જેટલા યુવાનો સેના, પોલીસ, સીઆરએફમાં યુવાની ફરજ બજાવી રહયા છે. ભણતર-ઘડતર અને દેશસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડતું ખોબલા જેવડા બોડી ગામનો દરેક પરિવાર દેશભક્તિના રંગનો નશો ચઢ્યો હોય તેમ પરિવારના ગુજરાન ચલાવતા ગામ તરીકેની છાપ ધરાવતું હતું. જયારે ગામના યુવાનોની તનતોડ મહેનત અને દેશદાઝ એ ગામની શકલ બદલી નાખી છે. સમય બદલાતાં ગામના યુવાનોએ ભણતર-ઘડતર અને દેશસેવાની દાઝ સાથે બોડી ગામના ૧૫૦થી વધુ યુવાનો દેશની તેમજ રાજયની રખેવાળી કરવાની ફરજ બજાવી રહયા છે.

આજે બોડીના ૫૦થી વધુ યુવાનો સૈનિક,



યુવાનોને દેશની રક્ષા કરવા પ્રોત્સાહિત કરી રહ્યો છે. સમગ્ર દેશ અત્યારે પ્રજાસત્તાક દિનના રંગે રંગાઈ રહયું છે. ત્યારે મેરા કર્મા તું... મેરા ધર્મા તું... ઉકિતને મોડાસા તાલુકાના બોડીના યુવાનોએ સાચા અર્થમાં સાર્થક કર્યું છે.

મોડાસાના અંતરીયાળ ચારે કોર ડુંગરાઓની વચ્ચે ઘેરાયેલા ખોબલા જેવડા ગામના ક્ષત્રિય ઠાકોર સમાજના યુવાનો વર્ષોથી ભારત દેશની સરહદો અને ગુજરાતની સેવા માટે અડીખમ ઉભા છે. પાંચસો ઘર અને આશરે પંદરસોની વસ્તી ધરાવતુ ગામ થોડાક દાયકાઓ પહેલા પછાત અને મજુરીકામ કરી ૧૦૦થી વધુ યુવાનો પોલીસ અને ૩૦ જેટલા યુવાનો સીઆરપીએફમાં ફરજ બજાવી માતૃભુમિનું ઋણ અદા કરી રહ્યા છે. ગામના યુવાનોએ તનતોડ જાત મહેનત કરી દેશસેવામાં પોતાનું યોગદાન પ્રદાન કર્યું છે. ત્યારે આજે પણ ગામમાં અન્ય બેકાર યુવાનો પણ દિવસ દરમ્યાન છુટક મજુરી સાથે સાથે મા ભોમની રક્ષા કરવા માટે વહેલી સવાર અને સાંજે દોડતા અને મહેનત કરતાં નજરે પડે છે. બોડી ગામના યુવાનો કબડ્ડી-ખોખો, દોડ, ઊંચી કૂદ, જેવી અનેક રમતોમાં રાષ્ટ્રીયકક્ષા સુધી પહોંચ્યા છે.

### મા-બાપ અભણ હતા પણ મનોબળ મજબુત હતું

બોડી ગામના યુવાન રમેશભાઈના જણાવ્યાનુંસાર વર્ષો પહેલા બોડી ગામના મોટાભાગના મા-બાપ આજુબાજુના ગામમાં મજુરી કામ કરતા અને તેમાંથી મોટાભાગના અભણ હતા પરંતુ અમારા મા-બાપે દેશની અને માતૃભુમિની રક્ષા કરવા અને સૈન્યમાં જોડાવવા મકકમ મનોબળ પુરુ પાડતા હતા.

### બોડીના જાંબાવાળા કુવાનું પાણી ઝનુન પેદા કરતું !

બોડી ગામના અગ્રણી અમૃતસિંહના જણાવ્યાનુસાર ગામના વડીલોના કહેવા પ્રમાણે બોડી ગામમાં ઈડર સ્ટેટના સમયમાં જાંબાવાળો નામ તરીકે ઓળખાતો કુવો હતો જેનું પાણી પીવાથી ઝનુન પેદા થતું લોકોમાં જોવા મળતું ત્યારે તે સમયે બોડીના એક વડીલને ઈડર સ્ટેટની જેલમાં પુરવામાં આવ્યા હતા. ત્યારે હોળી સમયે તેમને ફાગણીયો ગાયો હતો કે મારા જાંબાવાળાનું પાણી પીવડાવ્યું હોત તો જેલના સળીયા તોડી નાખતો અને ત્યારે તે સમયે બોડીના જાંબાવાળા કુવા સહિત અન્ય દસ ગામોના પાણી લાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ જાંબાવાળા કુવાનું પાણી પીધ્યા બાદ જેલમાં બંધ વડીલે જેલના સળીયા તોડી નાખતાં સૌ કોઈ ચોકી ઉઠયા હતા અને તે પછી ઈડર સ્ટેટ દ્વારા આ કુવાને કાયમી પુરી દેવામાં આવ્યો હતો.



### બામણવાડ પ્રાથમિક શાળામાં "દીકરીને સલામ દેશને નામ" અંતર્ગત સૌથી વધુ ભણેલ દીકરીના હસ્તે ધ્વજવંદન

મોડાસા તાલુકાના બામણવાડ ગામે શ્રી આદર્શ બામણવાડ પ્રાથમિક શાળામાં ૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ડો. હર્ષીની દુર્ગેશભાઈ પ્રણામીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના સરપંચ વાલજીભાઈ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ૭૧માં પ્રજાસત્તાક દિને દેશભક્તિના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો શાળાના બાળકોએ રજુ કર્યા હતા. શાળામાં અભ્યાસ કરતા બાળકોને ડૉ. હર્ષિની પ્રણામી તરફથી ભોજન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય અને સ્ટાફ મિત્રોએ દેશભક્તિ પર્વની ઉજવણી ભારે જહેમત ઉઠાવી હતી.

# ધનસુરા ખાતે પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી

ધનસુરા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં ૭૧માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી ધનસુરાની સહકારી જીન ખાતે આરોગ્ય રાજયમંત્રી કિશોર કાનાણીની ઉપસ્થિતમાં કરવામાં આવી હતી. તેમના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. ધનસુરા ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. મંત્રી કિશોર કાણાનીએ અરવલ્લી જિલ્લાવાસીઓને પ્રજાસત્તાક પર્વની શુભકામના પાઠવી હતી. આરોગ્ય રાજયમંત્રી કિશોર કાનાણીએ જણાવ્યું હતું કે આઝાદીની ચળવળમાં જેમણે બલીદાન આપ્યા છે તેમણે શ્રેષ્ઠ ભારતના નિર્માણ સાથે સ્વરાજ થકી સુ-રાજયની સ્થાપના તેવી કલ્પના સેવી હતી. ભારતવાસીઓને આજે સાચા અર્થમાં સુ-રાજની અનુભૂતિ થઈ રહી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારતનાં સ્વપ્નને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાચા અર્થમાં સાકાર કરી રહ્યા છે, તેમણે સમગ્ર દેશમાં સ્વચ્છ ભારતને અભિયાન સ્વરૂપે હાથ ધરી દેશવાસીઓને સ્વચ્છતાના આગ્રહી બનાવ્યા છે. મંત્રીએ સરદાર પટેલના એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણની વાત કરતા કહ્યું હતું કે સરદાર પટેલે આઝાદી બાદ ૫૬૫ દેશી રાજા રજવાડાઓનું એકત્રીકરણ કરીને એક



આ નાગરીકતા આપવાનો મોદી રાષ્ટ્રીય અસ્મિતાને કાયમ રાખવાનું કામ કરી રહ્યા . નરેન્દ્રભાઈ મોદીએ જે રાજ્યને કહ્યું હતું કે આજે તેમણે આયુષ્માન મળી રહ્યો છે રહ્યું છે. છેલ્લા ૧૮ વર્ષમાં ૧૧ લાખથી વધુ હોય છે ત્યારે રાજ્ય આ પ્રસંગે ધનસુરા તાલુકાના વિકાસ અર્થે રૂપિયા ૨૫ લાખનો ચેક મંત્રીના હસ્તે કલેકટરને અર્પણ કરવામાં આવ્યો હતો. પ્રજાસત્તાક પર્વે વિવિધ પરેડ પ્લાટુન દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી જ્યારે જિલ્લાના વિકાસની ઝાંખી કરાવતા ટેબ્લો નિદર્શન કરવામાં આવ્યું હતું.

# મોડાસામા પ્રજાસત્તાક પર્વની રંગારંગ દબદબાભેર ઉજવણી

## મોડાસા શહેર દેશભક્તિના રંગે રંગાયું : ૭૧માં પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાનથી જીલ્લાકક્ષાના પર્વની ધનસુરા ખાતે ઉજવણી : ભિલોડા તાલુકામાં પ્રજાસત્તાક દિનની ધામધુમથી ઉજવણી યોજાઈ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૨૬ જાન્યુઆરી ૭૦મા પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાન સાથે રાષ્ટ્રધ્વજ ત્રિરંગા લહેરાવી સલામી આપી રંગારંગ દબદબાભેર ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેર ૭૧મા પ્રજાસત્તાક દિન નીમીત્તે શહેરની સરકારી કચેરીઓ સહીત શહેર પણ રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. શહેરના દરેક વિસ્તારમાં દેશભકિતના ગીતો સતત દિવસભર ગુંજતા રહ્યા હતા. શહેરના નગરજનોમા ૭૧માં પ્રજાસત્તાક પર્વનો અલભ્ય ઉત્સાહ વર્તાતો હતો. શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, મોડાસા નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, રાજકીય પક્ષોએ અને શહેરીજનોએ ૭૧માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો. શહેરીજનો તેમના નજીકના વિસ્તારમાં થતા ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહી ત્રિરંગાને સલામી આપી હતી.

મોડાસા શહેરની લાયન્સ કલબ, મોડાસા નગરપાલિકા, શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે મોડાસા કેળવણી મંડળ, ધી. મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, મદની હાઈસ્કૂલ,



સરસ્વતી વિદ્યાલય, ધી ઘાંચી હાઈસ્કૂલ, કરમિયા ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતી બાલ મંદિર મંડળ, સહીત અર્ધ સરકારી કચેરીઓ દ્વારા ૭૧મા પ્રજાસત્તાક દિન નીમીત્તે ધ્વજવંદન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ભાવના ઉજાગર કરતા નાટકો અને પ્રજાસત્તાક પર્વનું મહત્વ સમજાવતા પ્રવચનો અને વક્તૃત્વનું આયોજન કરવાની સાથે અભ્યાસમાં અને રમત-ગમત સહીત વિવિધ ક્ષેત્ર ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

૬૫માં વર્ષમાં સતત શૈક્ષણિક સેવાઓમાં અગ્રેસર અને મધ્યમ અને ગરીબ વર્ગના બાળકોમાં ઉચ્ચ શિક્ષણ આપતી સરસ્વતી બાલમંદિર મંડળની રત્નદીપ સોસાયટીની શાખામાં ૭૦મા પર્વની ઉજવણી મંડળમાં મુકુંદ શાહ અને હોદેદારોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

ભિલોડા તાલુકા સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ૭૧માં પ્રજાસત્તાક દિનની આન, બાન, શાન સાથે આનંદ, ઉત્સાહભેર ધામ ધુમ પુર્વક ઉજવણી દબદબાભેર રીતે યોજાઈ હતી. ભિલોડા તાલુકા કક્ષાનો ધ્વજવંદનનો કાર્યક્રમ ધંધાસણ ગામમાં યોજાયો હતો. વહીવટી તંત્રના અધિકારીઓ, સરપંચ, ડે.સરપંચ, રાજકીય, સામાજીક, સહકારી આગેવાનોની ઉપસ્થિતીમાં ધ્વજવંદનનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ગામે-ગામ વહેલી સવારથી દેશ-ભક્તિના ગીતો ગુંજતા હતા.



### ભિલોડાની ડૉક્ટર આદર્શ દિકરી તરીકે સન્માન

૭૧મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ભિલોડા તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ ધંધાસણ ગામમાં યોજાયો હતો.આરોગ્ય શાખા,જીલ્લા પંચાયત અરવલ્લી ધ્વારા વિશિષ્ટ કામગીરી બદલ સન્માન પત્ર અર્પણ કરાયું હતું.ડૉ.વિશાલદેવ દિલીપભાઈ સાહેબ,બી.એ.એમ.એસ.(લક્ષદિપ હેલ્થ કેર,ભિલોડા) જાહેર આરોગ્ય ક્ષેત્રે ભિલોડા તાલુકામાં માનવ સેવા એ જ પ્રભુ સેવાના સંકલ્પ સાથે નિઃશુલ્ક આરોગ્ય સેવાનું ભગીરથ કાર્ય કરવા બદલ આદર્શ દિકરી તરીકે ડે.કલેક્ટરના વરદ્ હસ્તે સન્માન પત્ર અર્પણ કરાયું હતું.



### વડગામ મામલતદાર આર.સી. ઠાકોરના હસ્તે ધ્વજવંદન

તાલુકા પ્રમુખ તાલુકા પંચાયતના સદસ્યો તેમજ ભાજપ કોંગ્રેસના પદાધિકારીઓ સાથે મોટી સંખ્યામાં તાલુકામાંથી લોકો ઉપસ્થિત રહ્યા હતા. આસપાસની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યકમો તેમજ પોલીસ-હોમગાર્ડના જવાનો દ્વારા પરેડ કરાયા. વડગામ વડગામ તાલુકા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી તેની વાડા ખાતે કરાઈ હતી. જેમા વડગામ મામલતદાર આર.સી. ઠાકોરના હસ્તે રાષ્ટ્ર ધ્વજ લહેરાવીને સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે વડગામ ટી.ડી.ઓ. એ.એચ. પરમાર તેમજ તાલુકા પંચાયત તેમજ મામલતદાર કચેરીનો તમામ સ્ટાફ તેમજ વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ તથા તાલુકા પંચાયત સદસ્યો સાથે તાલુકાના ભાજપ કોંગ્રેસના પદાધિકારીઓ સાથે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



### માલપુર તાલુકાની જાલમખાંટ પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાની જાલમખાંટ પ્રાથમિક શાળા (ઠાકોરવાસ)માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગરબા, ગુજરાતી ગીત તથા એકપાત્ર અભિનયનું આયોજન પ્રજાપતિ જાગૃતિબેન શંકરલાલ તથા ખાંટ દીપીકાબેનના સહકારથી કરવામાં આવ્યું હતું. જેમાં મોડાસા સંગીની હોમ્સ સોસાયટીમાંથી સુભાષભાઈ દ્વારકાદાસ સોની તરફથી પાણીની બોટલ આપવામાં આવી હતી તથા નટુભાઈ રેવાભાઈ પટેલ(સાયરા) તરફથી સ્વેટર આપવામાં આવ્યા હતા.

# ડીસા શહેરના રાજપુરના અનુપમ પ્રાથમિક શાળા ખાતે પ્રજાસતાક દિનની ધામધુમપૂર્વક ઉજવણી

સમગ્ર દેશમાં આજે ૭૧ માં પ્રજાસતાક દિનની ઉજવણીની ખુબજ હર્ષોભેલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. ત્યારે બનાસકાંઠા જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત રાજપુર અનુપમ પ્રાથમિક શાળા નંબર ૧ ખાતે પણ ૭૧ માં પ્રજાસતાક દિનની પણ પાલિકા સદસ્ય મિતલબેન ગોહિલના હસ્તે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

વેપારી મથક ડીસા શહેરના નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રાજપુર ખાતે આવેલી રાજપુર અનુપમ પ્રાથમિક શાળા નં. ૧ ખાતે ડીસા પાલિકાના સદસ્ય મિતલબેન વિશાલકુમાર ગોહિલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધ્વજને સલામી આપ્યા બાદ દેશભકિતના નારાઓ બોલાવવામાં આવ્યા હતા. શાળા પરિવાર દ્વારા સ્થાનિક દીકરીની સલામ દેશને નામ અંતર્ગત સદસ્ય ગામની સૌથી વધુ અભ્યાસ કરનાર તેમજ પાલિકા સદસ્ય મિતલબેન વિશાલકુમાર ગોહિલને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ હતા. પાલિકા સદસ્ય ગીતાબેન પઢીયાર, રાજપુર મઠના મહંત ગણેશપુરી મહારાજ, શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયા, વિશાલભાઈ ગોહિલ, વાલી મંડળના સભ્યો,



શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ઉપસ્થિત ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા ગ્રામજનો અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




### તલોદ પાલિકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકીના વરદ્ હસ્તે ધ્વજવંદન

તલોદ પાલિકાના સ્વ. રાજીવ ગાંધી પટાંગણમાં ૭૧માં પ્રજાસત્તાક દિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પાલિકાના પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે દેશ માટે બલિદાન આપનાર શહિદોને યાદ કરવામાં આવ્યા હતા. હોદ્દેદારોની ટીમ દ્વારા નગરના વિવિધ વિકાસકામો તેમજ સ્વચ્છતા અભિયાનમાં સ્વચ્છ નગરનો એવોર્ડ પણ કામગીરી અંગે ઓળખ ઉભી થઈ હતી. ગણતંત્રના દિવસે પાલિકાના હોદ્દેદારો, કર્મચારી સ્ટાફગણ, નગરજનો, આગેવાનો ઉપસ્થિત રહી પ્રજાસત્તાક દિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

## વડગામનું ગૌરવ

વડગામ

વડગામનું ગૌરવ શિક્ષણનું રત્ન એવા ગેલક્ષી સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થી સોલંકી વિનયકુમાર સુરેશભાઈએ સમગ્ર રાજ્યમાં નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરતાં ભારત દેશના ૭૧માં ગણતંત્ર દિવસ ૨૬મી જાન્યુઆરીએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે



યોજાયેલ જિલ્લા કક્ષાના મહોત્સવમાં ગુજરાત સરકારના કૃષિ અને ગ્રામ વિકાસ અને વાહન વ્યવહાર મંત્રી આર.સી. ફળદુના વરદ હસ્તે સન્માન પત્ર આપી સન્માન કરાતાં વડગામ પંથકના લોકોમા હર્ષ અને આનંદની લાગણી અનુભવાઈ છે.



સિમનાની એજ્યુકેશન સોસાયટી મોડાસા સંચાલિત મોડાસા શહેરની સીમનાની શાળામાં શહેરના પ્રતિષ્ઠિત, નેકદિલ, ઉમદા સ્વભાવના નિરમા એજન્સીના માલિક જનાબ રઝાકભાઈ મેમણ સાહેબના વરદહસ્તે ધ્વજવંદન કરી શાળા પરિવારે આનંદ અને ઉલ્લાસ સાથે ગણતંત્રની શાનદાર ઉજવણી કરી હતી.